# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- **રાજ્ય સરકારે ટેકનોલોજી કંપની જેબિલ સાથે ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન - DSIRમાં 1,000 કરોડનાં ખર્ચે એકમ સ્થાપવા કરાર કર્યા**
- **જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેર માટેના પ્રિમિયમ વસૂલાતની મંજૂરીની સત્તા હવે જીલ્લા કલેકટરને સોંપાઇ.**
- **રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં નવા સીમાંકન પ્રમાણે બેઠકોની ફાળવણી કરાઈ**
- **ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની સર્જરી કરનાર આરોપી ડોકટર પ્રશાંત વઝીરાણીની ધરપકડઃ સાત દિવસનાં રિમાન્ડ મંજૂર**
- **રાજભરમાં આજે 'યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત' અભિયાનનો પ્રારંભ**
- **સિદ્ધપુર ખાતે આજથી કાર્તિક પૂર્ણિમાના મેળાનો શુભારંભ થયો**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## SCIENCE AND TECHNOLOGY -JEBIL -MOU

રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે ટોચની વૈશ્વિક કંપની જેબિલ સાથે 1 હજાર કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા આ કરાર અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન -DSIRમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસીસ એટલે કે EMS યુનિટ શરૂ કરવામા આવશે.

આ MOU મુજબ આગામી ૨૦૨૭ સુધીમાં આ યુનિટ શરૂ કરાશે જેનાથી ૫૦૦૦થી વધુ રોજગારીની તકો ઊભી થશે અને વિશ્વ-કક્ષાના ઉત્પાદનો થકી રાજ્યની ટેકનોલોજી ઇકોસિસ્ટમને મજબૂત થશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સીજી પાવર અને કેઈન્સ જેવી અગ્રણી ટેક્નોલોજી કંપની દ્વારા સેમિકન્ડક્ટર એકમો સ્થાપવામાં આયા છે. જે અંતર્ગત ટાટા ઈલેક્ટ્રોનિક્સ ધોલેરા ખાતે ભારતની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ બનાવી રહી છે.

## Agriculture land decision

રાજ્ય સરકારે જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીનું વિકેન્દ્રીકરણ કરવાનો નિર્ણય લીધો છે.

મહેસુલ વિભાગના ઠરાવ મુજબ વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જમીનનાં મૂલ્યાંકનને આધારે પ્રીમિયમ વસુલાતની વર્તમાન સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના મૂલ્યાંકન પર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

વર્તમાન નિયમ અનુસાર જે જમીનનું મૂલ્યાંકન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં વાસ્તવિક ખરીદારે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા ખરીદારની અરજીની વધુ સંખ્યાને કારણે મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થતો હોવાથી રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

## Bharat Cool Mahotsav

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત મીડિયા ક્લબ દ્વારા આયોજિત 'ભારતકૂલ' મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ભાવ, રાગ અને તાલના સંગમ આધારિત ચાર દિવસના આ કાર્યક્રમમાં ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આપણી સંસ્કૃતિમાં 'ભાવ'નું વિશેષ મહત્વ રહેલું છે. તેમણે જણાવ્યું કે, આપણી સંસ્કૃતિ અને ઇતિહાસને હરહંમેશ જીવંત રાખવા જોઈએ. આ પ્રકારના કાર્યક્રમો યુવા પેઢીને આપણી સંસ્કૃતિ, કલા અને ઇતિહાસ સાથે જોડશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ માધ્યમોની કામગીરીની પ્રશંસા કરતા કહ્યું કે મીડિયાનો 'ભાવ' સમાજ માટે સારું કરવાનો હોય છે, માટે માધ્યમોની સાચી ટીકાઓને વિશાળ લોકહિતમાં ધ્યાને લઈ, કાર્ય કરવું જોઈએ. કારણ કે, સરકાર અને માધ્યમો- બંનેનો હેતુ આખરે લોકકલ્યાણનો જ છે.

(Byte-CM)

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ, કલા અને સંગીતને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર તત્પર છે.

## IOCAL ELECTION SEATS

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. નવા સીમાંકન પ્રમાણે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકા અને રાજ્યની ૭૯ નગરપાલિકાઓમાં બેઠકો ફાળવાઈ છે.

રાજ્યમાં ૨૭ ટકા અનામત લાગુ થતાં આ અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. નજીકના ભવિષ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થવાની સંભાવના છે.

## PREZ--JANJATIYA-GAURAV-DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાત્રે 8 વાગ્યે 'જનજાતિય ગૌરવ દિવસ' ની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંદેશ આપશે. આકાશવાણી, દિલ્હી તેના ઈન્દ્રપ્રસ્થ, આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7, એફએમ ગોલ્ડ અને એફએમ રેઈનબો ચેનલ્સ પર રાષ્ટ્રપતિ મુર્મુના સંદેશનું પ્રસારણ કરશે.

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે જનજાતીય ગૌરવ દિવસ મનાવવામાં આવશે. સવારે 8:45 કલાકે અને સાંજે 5:30 કલાકે ફરીથી પ્રસારિત કરવામાં આવશે.

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

## Khyati Hospital Doctor arrest

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીનાં મૃત્યુનાં કેસમાં પોલીસે આજે દર્દીઓની સર્જરી કરનાર ડોકટર પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરી છે.

અમારા અમદાવાદ જિલ્લાના પ્રતિનિધી આશિષ પંચાલ જણાવે છે કે, ડોક્ટર વઝીરાણીની ધરપકડ કરીને મેડિકલ તપાસ માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવાયા બાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. પોલીસે આરોપીનાં 14 દિવસના રિમાન્ડ માંગ્યા છે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા જિલ્લાના બોરીસણા ગામમાંથી મેડીકલ કેમ્પ કર્યા બાદ કેટલાંક દર્દીને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં એન્જિયોપ્લાસ્ટી કર્યા બાદ બે દર્દીનાં મૃત્યુને પગલે હોસ્પિટલનં ડોક્ટર અને સીઇઓ સહિતનાં લોકો

સામે ગુનો નોંધાયો હતો. તપાસ કમિટીના રિપોર્ટના આધારે સોલા સિવિલના ઈન્ચાર્જ CDMO ડૉ.પ્રકાશ મહેતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## "YOG DWAARA DIABETES MUKTA GUJARAT" ABHIYAAN

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે આયોજિત" યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાન" નો અરવલ્લી જીલ્લામાં પ્રારંભ કરાયો. જે અંતર્ગત મોડાસા મુકામે એક યોગ શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું. 15 દિવસ સુધી ચાલનારી આ શિબિરમાં જોડાયેલા ડાયાબિટીસના દર્દીઓને વિવિધ પ્રકારના યોગ તેમજ દરરોજ અલગ અલગ જ્યુસ તેમજ યોગ્ય પ્રકારનો ખોરાક આપવામાં આવશે.

બીજી તરફ વલસાડના તિથલ ખાતે ગ્રામ પંચાયતના મેદાન પર યોગ શિબિરનો શુભારંભ થયો હતો જેમાં જિલ્લા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા શિબિરાર્થીઓને ૧૦ જડી બુટ્ટીનો કાઢો પીવડાવવામાં આવ્યો હતો તેમજ મેડિકલ ઓફિસર દ્વારા એ જડીબુટ્ટીઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

પાટણમાં પણ આજથી ૨૮ નવેમ્બર સુધી ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાનનું આયોજન કરાયું છે. આ અભિયાન ૧૫ દિવસ સુધી ચાલશે, જેમાં પ્રથમ દિવસે ડાયાબિટીસના દર્દીના લોહીની  ચકાસણી કરવામાં આવી હતી.

રાજ્યમાં વધુ પ્રમાણમાં ડાયાબિટીસના દર્દીઓને જોતાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડાયાબિટિસમુક્ત રાજ્ય બનાવવાના ભાગરૂપે આ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## Janjati Adivasi Nyay Maha Abhiyan

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે રાજ્યકક્ષાની ઉજવણીનાં ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતી કાલે ડાંગના આહવા ખાતે ઈ-સંવાદ કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રી આ પ્રસંગે જિલ્લામાં ૧૦૨ કરોડ રૂપિયાનાં ૩૭ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર  કુબેર ડિંડોર સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અગાઉ, મુખ્યમંત્રી આદિજાતિ સમાજના આસ્થા કેન્દ્ર એવા “શબરી ધામ” ખાતે મા શબરી, પ્રભુ શ્રીરામ તથા શ્રી લક્ષ્મણજીના દર્શન કરી, પુજા અર્ચના કરશે.

આ અંગે ડાંગ જિલ્લા વિકાસ અધિકારી રાજ સુથારે વધુ માહિતી આપીઃ

(BYET-RAJ SUTHAR DANG VIKAR ADHIKARI)

આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ પણ જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવશે. સુરેન્દ્રનગર જિલ્લામાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા લીંબડી તાલુકની રાણાગઢ માધ્યમિક શાળા ખાતે અને તાપી જિલ્લાના વ્યારા ખાતે આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોર ઉપસ્થિત રહેશે.

## Siddhpur Kartik Purnima Melo

પાટણ જિલ્લાના સિધ્ધપુર ખાતે આજથી કાર્તિક પૂર્ણિમાના મેળાનો શુભારંભ થયો છે. સરસ્વતી નદીના પટમાં ભરાતા આ સાત દિવસના લોક મેળાને સિધ્ધપુરના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતે વિધિવત રીતે ખુલ્લો મૂક્યો હતો.

વર્ષોની પરંપરા મુજબ કારતક મહિનામાં પૂનમ નિમિત્તે સિધ્ધપુરમાં ભવ્ય લોકમેળો ભરાય છે. જેમાં પાટણ જિલ્લા સહિત આસપાસમાંથી મોટી સંખ્યામાં લોકો તેમના સ્વજનોની તર્પણ વિધિ માટે ઉમટી પડતા હોય છે.

આ મેળામાં મોટા પ્રમાણમાં શેરડીનું વેચાણ થતું હોય તેને શેરડીયા મેળા તરીકે પણ ઓળખવામાં આવે છે. મેળામાં આવતા ગ્રામીણ અને શહેરી લોકો ઘરે જતા પહેલા શેરડી અવશ્ય ખરીદે છે. કાત્યોકના મેળા તરીકે જાણીતા ઉત્સવમાં

લાખોની સંખ્યામાં લોકો મેળો માણવા તેમજ ધાર્મિક વિધિ કરવા આવતા હોય છે. બીજી તરફ, આ મેળામાં સારી ઓલાદનાં અશ્વ, ઊંટ અને ગધેડાની લે વેચ પણ થાય છે. તેમજ આ પ્રાણીઓનાં શણગારની ચીજોનું પણ અલગ બજાર ભરાય છે. આ મેળામાં સમગ્ર ઉત્તર ગુજરાતનું લોકજીવન વિવિધ સ્વરૂપોમાં જોવા મળે છે.

આ અંગે અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકીએ વધુ માહિતી આપીઃ

(VC RAMESH SOLANKI)